ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) એક્ટ-૨૦૧૭ અન્વયે રચવામાં આવેલ ફી નિયમન સમિતિ તથા ફી રીવીઝન સમિતિના અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓની શરતો અને બોલીઓ તથા માનદવેતન નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૧૭/૭૩૯/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૦૭/૦૭/૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન )એક્ટ-૨૦૧૭
(૨) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) રૂલ્સ ,૨૦૧૭
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક; પગર/૧૦૦૯/૬૬/પગાર એકમ(ચ) તા.૩/૧૨/૨૦૧૧
(૪) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક; પગર/૧૦૨૦૧૨/૬૮/પગારએકમ/પી તા.૨૬/૦૩/૨૦૧૩
(૫) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક; જનર/૧૦/૨૦૧૪/૪૭૩૯૦૨(૫)/અ ,તા.૧૬/૦૯/૨૦૧૪

<u>આમુખ-</u>

ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) એક્ટ-૨૦૧૭ તથા તે હેઠળના રૂલ્સ અનુક્રમે તા.૨૦/૦૪/૨૦૧૭ અને તા.૨૫/૦૪/૨૦૧૭ થી અમલી બનેલ છે. ઉપરોક્ત એક્ટ અને રૂલ્સ અન્વયે ફી નિયમન સમિતિ અને ફી રીવીઝન સમિતિની રચના કરવામાં આવેલ છે.

૨. ફી નિયમન સમિતિ અને ફી રીવીઝન સમિતિના અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓ માટે શરતો અને બોલીઓ તથા માનદવેતન નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. ફી નિયમન સમિતિના અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓ માટે નીચે મુજબની શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવેલ છે.

<u>ફી નિયમન સમિતિ :-</u>

શરતો અને બોલીઓ-

૧. અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓની નિમણૂંક ઉક્ત અધિનિયમ તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓને આધીન રહેશે.

૨. નિયુક્ત થયેલ અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીએ હોદ્દો સંભાળતા પહેલાં નિયમ- ૩(૨) પ્રમાણેની બાંહેધરી આપવાની રહેશે અને કોઈ સ્વનિર્ભર શાળા સાથે તેનું કોઈ હિત કે સંબંધ હોય તો તેની જાણકારી આપવાની રહેશે. જો આવા હિત કે સંબંધ સમિતિના કાર્યો અને હેતુ વિરૂધ્ધનું જણાશે તો, તેમની સભ્ય તરીકેની નિમણૂંક રદ્દ થવાને પાત્ર રહેશે.

૩. અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીએ 3(3)(i)પ્રમાણે સમિતિની કાર્યરીતિ અને તેમાં લેવાયેલ નિર્ણયોમાં ગુપ્તતા જાળવવાની રહેશે. આવી કોઈ બાબતો જાહેર થયાનું જણાશે તો જે-તે પદાધિકારીને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવશે.

તો તેમની સભ્ય તરીકેની નિમણૂંક રદ્દ થવાને પાત્ર રહેશે.

૫. અધ્યક્ષશ્રી અથવા સભ્યશ્રી જો હોદ્દા ઉપર ચાલુ રહેવા ન માંગતા હોયતો તેઓએ એક મહિનાની નોટિસ આપવાની રહેશે અને આવી નોટિસ મળ્યેથી રાજ્યસરકાર દ્વારા તેને મંજૂર કરે ત્યારથી તેમનું રાજીનામું અમલી બનશે.

૬. સમિતિના અધ્યક્ષશ્રી સમિતિની આંતરિક કાર્યવાહી સંબંધે જે પધ્ધતિ/નીતિ નિયમો અપનાવે તે મુજબ જે-તે સભ્યશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે અને જરૂર જણાયે પોતાનો અહેવાલ અધ્યક્ષશ્રીને આપવાનો રહેશે.

માનદવેતનઃ-

૧. (અ) ફી નિયમન સમિતિના જ્યુડીશીયલ/ નોન જ્યુડીશીયલ અધ્યક્ષ માટે નાણા વિભાગના પ્રવર્તમાન નિયમોનુસાર મુખ્ય નિમણૂંકના કિસ્સામા "પે માઈનસ પેન્શન" ના ધોરણે માનદવેતન ચૂકવવાનું રહેશે તથા નાણાંવિભાગના પ્રવર્તમાન ઠરાવની જોગવાઈ અનુસાર અન્ય ભથ્થા અને લાભો મળવાપાત્ર થશે.

(બ) જો કોઈ નિવૃત ન્યાયાધીશ કે અધિકારીની અન્ય તપાસપંચ કે સમિતિમાં નિમણૂંક થયેલ હોય તેવા કિસ્સામાં તેઓને તેમની મુખ્ય નિમણૂંક સિવાયની અન્ય નિમણૂંક માટે "પે માઈનસ પેન્શન" ની ફોર્મ્યુલા પર આધારિત મળવાપાત્ર માસિક એકત્રિત રકમના ૨૫% જેટલી ફીક્સ રકમ દર મહિને માનદવેતન તરીકે મળવાપાત્ર થશે. તેના પર કોઈ અન્ય ભથ્થા કે સવલતો કે લાભ મળવાપાત્ર થશે નહીં.

૨. ફી નિયમન સમિતિના સભ્યશ્રીઓને પ્રતિ બેઠક રૂ.૩૫૦૦/- જે મહત્તમ રૂ. ૭૫,૦૦૦/- પ્રતિ માસની મર્યાદા મળવાપાત્ર રહેશે. આ સભ્યશ્રીઓને ઉપર પ્રમાણેના ભથ્થા સિવાય અન્ય કોઈ પણ પ્રકારના પગાર ભથ્થા મળવાપાત્ર થશે નહી.

<u>ફી રીવીઝન સમિતિ:</u>

<u>શરતો અને બોલીઓ :-</u>

૧. અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીઓની નિમણૂંક ઉક્ત અધિનિયમ તથા તે હેઠળના નિયમોની જોગવાઇઓને આધીન રહેશે.

૨. નિયુકત થયેલ અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીએ હોદ્દો સંભાળતા પહેલાં નિયમ-૩(૨) પ્રમાણેની બાંહેધરી આપવાની રહેશે અને કોઇ સ્વનિર્ભર શાળા સાથે તેનું કોઇ હિત કે સંબધ હોય તો તેની જાણકારી આપવાની રહેશે. જો આવા હિત કે સંબધ સમિતિના કાર્યો અને હેતુ વિરૂધ્ધનું જણાશે તો, તેમની સભ્ય તરીકેની નિમણૂંક રદ્દ થવાને પાત્ર રહેશે.

૩. અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીએ ૩(૩)(i)પ્રમાણે સમિતિની કાર્યરીતિ અને તેમાં લેવાયેલ નિર્ણયોમાં ગુપ્તતા જાળવવાની રહેશે.આવી કોઇ બાબતો જાહેર થયાનું જણાશે તો જે-તે પદાધિકારીને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવશે.

૪ કોઇ સભ્ય,અધ્યક્ષશ્રીની પરવાનગી વગર સળંગ ત્રણ કે તેથી વધુ બેઠકમાં ગેરહાજર રહેશે તો તેમની સભ્ય તરીકેની નિમણૂંક રદ્દ થવાને પાત્ર રહેશે.

મહિનાની નોટિસ આપવાની રહેશે અને આવી નોટિસ મળ્યેથી રાજ્ય સરકાર દ્વારા તેને મંજૂર કરે ત્યારથી તેમનું રાજીનામું અમલી બનશે.

૬. સમિતિના અધ્યક્ષશ્રી સમિતિની આંતરિક કાર્યવાહી સંબંધે જે પધ્ધતિ/નીતિ નિયમો અપનાવે તે મુજબ જે-તે સભ્યશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે અને જરૂર જણાયે પોતાનો અહેવાલ અધ્યક્ષશ્રીને આપવાનો રહેશે.

માનદવેતનઃ-

(૧)(અ) ફી રીવીઝન સમિતિના અધ્યક્ષ માટે નાણા વિભાગના પ્રવર્તમાન નિયમોનુસાર કોઇ નિવૃત હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષ તરીકે નિમણૂંકના કિસ્સામા " પે માઈનસ પેન્શન" ના ધોરણે માનદવેતન ચૂકવવાનું રહેશે. તથા નાણાંવિભાગના પ્રવર્તમાન ઠરાવની જોગવાઈ અનુસાર અન્ય ભથ્થા અને લાભો મળવાપાત્ર થશે.

(બ) જો કોઈ નિવૃત હાઈકોર્ટ જજશ્રીની અન્ય તપાસપંચ કે સમિતિમાં નિમણૂંક થયેલ હોય તેવા કિસ્સામાં તેઓને તેમની મુખ્ય નિમણૂંક સિવાયની અન્ય નિમણૂંક માટે " પે માઈનસ પેન્શન" ની ફોર્મ્યુલા પર આધારિત મળવાપાત્ર માસિક એકત્રિત રકમના ૨૫% જેટલી ફીક્સ રકમ દર મહિને માનદવેતન તરીકે મળવાપાત્ર થશે. તેના પર કોઈ અન્ય ભથ્થા કે સવલતો કે લાભ મળવાપાત્ર થશે નહીં.

(૨) ફી રીવીઝન સમિતિના સભ્યશ્રીઓને પ્રતિ બેઠક રૂ.૪,૦૦૦/- અને માસિક રૂ.૧,૦૦,૦૦૦/- ની મર્યાદામાં આપવાના રહેશે. આ સભ્યશ્રીઓને ઉપર પ્રમાણેના ભથ્થા સિવાય કોઈ પણ પ્રકારના ભથ્થા આપવાના રહેશે નહી.

આ સમિતિના અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓના પગાર ભથ્થા અંગેની રકમ નિયામકશ્રી શાળાઓની કચેરીએ તેમની મંજૂર થયેલ ગ્રાંટમાંથી ચુકવવાની રહેશે.

આ હુકમો નાણાં વિભાગની સમાનાંકી ફાઈલ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

- પ્રતિ,
  માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, બ્લોક નં.૫,૭મો માળ,સચિવાલય, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
  સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
  નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- ફી નિયમન સમિતિ અને ફી રીવીઝન સમિતિના અધ્યક્ષશ્રીઓ અને સભ્યશ્રીઓ
- સબંધિત ઝોનના જિલ્લા મુખ્ય મથકના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  સેકશન અધિકારીશ્રી,આઇ.ટી.સેલ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-પ્રસ્તુત ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ ઉપર યોગ્ય જગ્યાએ રાખવાની વિનંતી સહ
- ના.સે.અ., સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.